# જાહેર નોટિસ

## શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ની પ્રવેશ પ્રક્રિયા બાબત
## ગુજરાત કોમન એડમિશન સર્વિસીસ (GCAS) પોર્ટલ

તમામ વિદ્યાર્થીઓ, વાલીઓ અને જાહેર જનતાને સૂચિત કરવામાં આવે છે કે, શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ માટે રાજ્યની તમામ સરકારી યુનિવર્સિટીઓ તેમજ તેમને સંલગ્ન તમામ સરકારી, બિન-સરકારી અનુદાનિત (Grant-in-Aid), ખાનગી અને તમામ સ્વાયત્ત (Autonomous) કોલેજો (સેંટ ઝેવિયર્સ કોલેજ, અમદાવાદ સહિત)ના વિવિધ સ્નાતક (UG) અને અનુસ્નાતક (PG) પ્રોગ્રામ્સમાં પ્રવેશ માટેની નોંધણી પ્રક્રિયા માત્ર અને માત્ર 'ગુજરાત કોમન એડમિશન સર્વિસીસ' (GCAS) પોર્ટલ મારફત જ કરવાની રહેશે.

ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ એક્ટ, ૨૦૨૩ની અને યુનિફોર્મ સ્ટેચ્યુટ્સ, ૨૦૨૪ની જોગવાઈઓ અનુસાર, રાજ્ય સરકારના આદેશોનું પાલન કરવું તમામ સંલગ્ન અને સ્વાયત્ત સંસ્થાઓ માટે અનિવાર્ય છે. ખાસ નોંધ લેશો કે નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા GCAS પોર્ટલના અમલીકરણ સામે કોઈ મનાઈહુકમ (Stay Order) આપવામાં આવેલ નથી.

વિદ્યાર્થીઓ અને વાલીઓને તેમના શૈક્ષણિક હિતમાં ખાસ જણાવવાનું કે, સેંટ ઝેવિયર્સ કોલેજનું પોર્ટલ સરકારશ્રી દ્વારા અધિકૃત નથી. આથી વિદ્યાર્થીઓએ અને વાલીઓએ ભ્રમિત ન થવું અને જો કોઈ વિદ્યાર્થી દ્વારા GCAS પોર્ટલ સિવાયના સેંટ ઝેવિયર્સ કોલેજના સ્વતંત્ર પોર્ટલ મારફત પ્રવેશ મેળવવામાં આવ્યો હશે, તો તેવા પ્રવેશને યુનિવર્સિટી દ્વારા માન્યતા (Enrolment) આપવામાં કાયદાકીય અવરોધ ઊભો થશે. GCAS સિવાયની પધ્ધતિથી મેળવેલા પ્રવેશ અંગેની સંપૂર્ણ જવાબદારી સંબંધિત વિદ્યાર્થી અને શૈક્ષણિક સંસ્થાની રહેશે. પ્રવેશ પ્રક્રિયામાં કોઈ પણ પ્રકારની અનિશ્ચિતતા ટાળવા માટે તમામ વિદ્યાર્થીઓને માત્ર અધિકૃત GCAS પોર્ટલ https://gcas.gujgov.edu.in પર જ નોંધણી કરાવવા આગ્રહભરી વિનંતી કરવામાં આવે છે.

શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર

તા. ૩૦-૦૫-૨૦૨૬

# PUBLIC NOTICE

## Admissions for Academic Year 2026-27

## Gujarat Common Admission Services (GCAS) Portal

This is to inform all prospective students, parents, and the public at large that admission registration for various Undergraduate (UG) and Postgraduate (PG) programs for the Academic Year 2026-27 across all State Universities and their affiliated Government, Non-Government Grant-in-Aid, Private, and **all Autonomous Colleges (including St. Xavier's College, Ahmedabad)** shall be conducted exclusively through the Gujarat Common Admission Services (GCAS) portal.

As per the Gujarat Public Universities Act, 2023, and the Uniform Statutes, 2024, compliance with State Government directives is mandatory for all affiliated and autonomous institutions. Please note that the Hon'ble High Court of Gujarat has **not** granted any stay order against the implementation of the GCAS portal.

Students and parents are specifically informed in their academic interest that the independent admission portal of St. Xavier's College is not authorized by the Government. Therefore, students and parents are advised not to be misled. If any student secures admission through the independent portal of St. Xavier's College instead of the official GCAS portal, there will be legal impediments in the recognition (Enrolment) of such admission by the University. The absolute responsibility for any admission secured through methods other than GCAS shall rest entirely with the concerned student and the educational institution. To avoid any uncertainty in the admission process, all students are strongly urged to register only via the official GCAS portal: **https://gcas.gujgov.edu.in.**

**For Education Department, Government of Gujarat**

**Date:** 30/05/2026 **INF/ABD/285/26**